# સરકારીઈજનેરી કોલેજ, મોડાસા

તા: ૦૫/૦૩/૨૦૨૨

## હોસ્ટેલમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ જોગ

## નોટીસ

અત્રેની સંસ્થાની હોસ્ટેલ મેનેજમેન્ટ કમિટી દ્વારા નક્કી કરાયેલ રૂલ્સ પ્રમાણે હોસ્ટેલ ખાતે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓએ તેમના ઓફલાઈન અભ્યાસ માટે હોસ્ટેલ ખાતે રહેવું ફરજિયાત છે. જો કમિટી દ્વારા માલૂમ પડશે કે હોસ્ટેલ બ્લોક-A, B, C, E, F ખાતે પ્રવેશ મેળવેલ વિદ્યાર્થી/વિદ્યાર્થીની હોસ્ટેલની ફી ભરી પોતાનું એડમીશન કન્ફર્મ કરાવ્યા પછી હોસ્ટેલ ખાતે રહેતા નથી, તો તેવા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને હોસ્ટેલની જરૂરિયાત નથી તેમ માનવામાં આવશે અને તેઓનું એડમીશન તાત્કાલિક અસરથી રદ એટલે કે CANCELLED ગણવામાં આવશે અને તેઓને ફાળવેલ રૂમ મેરીટ પ્રમાણે તેમના પછીના  વિદ્યાર્થી/વિદ્યાર્થીનીને ફાળવવામાં આવશે. હાલ ઓફલાઈન અભ્યાસ ચાલુ થવા છતાં ઘણા

વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ એડમીશન મેળવ્યા પછી પણ હોસ્ટેલ ખાતે રહેવા આવેલ નથી તેવું ચકાસણી દરમિયાન માલૂમ પડેલ છે. આ તમામ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને અંતિમવાર જણાવવામાં આવે છે કે તેઓ ઓફલાઈન અભ્યાસ માટે હોસ્ટેલ ખાતે રહેવા તા-૧૦/૩/૨૦૨૨ (ગુરુવાર) સુધી આવી તેઓના સંબંધિત વોર્ડનશ્રીઓને જાણ કરે. જો નિયત સમય મર્યાદામાં વિદ્યાર્થી/વિદ્યાર્થીની હોસ્ટેલ ખાતે હાજર થઈ રિપોર્ટીંગ નહીં કરે તો તેમના પછીના વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને પ્રવેશ આપી દેવામાં આવશે. રદ થયેલ પ્રવેશની ફી પરત મળવાપાત્ર નથી, જેની સૌએ નોંધ લેવી. એક વાર એડમિશન રદ થયા પછી ફરીથી એડમિશન મળવાપાત્ર રહેશે નહિ, જેના માટે હોસ્ટેલ મેનેજમેન્ટની કોઈ જવાબદારી રહેશે નહિ. તેની સૌ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ નોંધ લેવી.

5/3/2022

આચાર્ય
સરકારી ઈજનેરી કોલેજ,
મોડાસા-૩૮૩ ૩૧૫